આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૧ | ૩ જાન્યુઆરી, ૨૦૧૫, શનિવાર ; પોષ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સંતાનો પાસેથી શ્રીમંત માબાપો સંઘર્ષ નામની યુનિવર્સિટી છીનવી લે છે
- જનકલ્યાણ

# જિલ્લામાં ૧૫મીથી ગ્રામસભા અભિયાન

**ગ્રામસભામાં વણઉકલ્યા પ્રશ્નો સંકલન સમિતિમાં રજુ કરી ચર્ચા કરાશે : અત્યાર સુધી ૯૮૧ પ્રશ્નો વણઉકલ્યા છે : ૧૭,૧૧૬ પ્રશ્નો ૨૫ તબક્કામાં રજુ થયા છે જેમાં ૮૯૯૬ પ્રશ્નો સ્થળ પર જ ઉકેલાયા છે જ્યારે ૭૨૩૯ પ્રશ્નો વિલંબથી ઉકેલાયા છે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૫મી જાન્યુઆરીથી ગ્રામસભા અભિયાનનો ૨૬મો તબક્કો આરંભાશે. જિલ્લાના ૩૦૨ ગામોમાં આ ગ્રામસભાઓ એક માસના ગાળામાં યોજવામાં આવશે. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આ ગ્રામસભાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ ગ્રામસભા અભિયાનનો ૨૬મો તબક્કો છે. આ અભિયાનનું આયોજન કલેક્ટર અને ડી.ડી.ઓ. દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવાનું રહેશે તેવી સ્પષ્ટ સૂચના રાજ્ય સરકારે આપી છે. આ અભિયાનના આયોજનની વિગતો પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી તેમજ પંચાયતના અધિકારીઓને પણ મોકલવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં યોજાયેલ ગ્રામસભા અભિયાનોમાં ૧૭,૧૧૬ જેટલા પ્રશ્નો રજુ થવા પામ્યા છે. જેમાંથી ૮૯૯૬ પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ થયો છે. જ્યારે ૭૨૩૯ પ્રશ્નોનો અભિયાન પૂર્ણ થયા બાદ નિકાલ થય ોછે. હજુ ૯૮૧ જેટલા પ્રશ્નો આજે પણ વણઉકલ્યા રહેવા પામ્યા છે.

આ અભિયાનોમાં સૌથી વધુ પ્રશ્નો પંચાયત, પાણી પુરવઠા, માર્ગ-મકાન વિભાગ, મહેસુલ વિભાગ, વીજળી, શિક્ષણને લગતા રજુ થયા છે જે ૧૨૦૦થી લઈ ૨૮૦૦ જેટલી સંખ્યા ધરાવે છે.

જિલ્લામાં ગ્રામસભા અભિયાન માટે હવે લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી ટુંક સમયમાં કરવામાં આવશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા યોજાનાર આ અભિયાન મનરેગાનું લેબર બજેટ જેમાં સામાજીક અન્વેષણ, કૃષિને સ્થળ સંલગ્ન કામો જેવા કે કેટલ શેડ, વર્મી કમ્પોઝડ, ખેત તલાવડી, મરઘા ઉછેર કેન્દ્ર સહિતના કામોને અગ્રતા આપી તૈયાર

● અનુસંધાન પાન-૭ પર



**સ્વાગતમ્ - ગાંધીનગર સોળેકળાએ શણગારાઈ રહ્યું છે ત્યારે નગરના પ્રવેશદ્વાર સમા જ-૭ પાસેના વિશાળ સર્કલને નમસ્કારની મુદ્રા નિર્મિત કરી આપણી સંસ્કૃતિની અનુભૂતિ કરાવાઈ છે... મહેમાનો અને નગરજનોને પ્રમાણ પાઠવતી આ મુદ્રા નગરની નમ્રતાનું પ્રતિક બની રહેશે... (તસવીર : દિપક જાની)**

# નાના બંદરો અને કુટીર ઉદ્યોગના વિકાસ માટે નવી પોલિસી બનશે

**શહેરી વિસ્તારમાંથી ઉદ્યોગ ખસેડવા પ્રોત્સાહનો અપાશે : ઔદ્યોગિક વસાહતોમાં એફએસઆઈ વધારવા સરકારની વિચારણા : ચીફ મિનિસ્ટરના અધ્યક્ષપદે બનેલી કેબિનેટ સમિટી ઉદ્યોગોના પ્રશ્નો હલ કરશે, જ્યારે ચીફ સેક્રેટરીની કમિટી મંજુરીઓનું સરળીકરણ કરશે**

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં મૂડીરોકાણ કરતા ઉદ્યોગોને વિવિધ મંજૂરીઓ આપવા માટે રાજ્ય સરકારે ચીફ મિનિસ્ટરના વડપણ હેઠળ એક ઉચ્ચસ્તરિય કેબિનેટ કમિટી બનાવી સિંગલ વિન્ડો સિસ્ટમ વિકસાવવાની ભલામણને સ્વિકારી છે. સરકારે આ સાથે ઔદ્યોગિક વિસ્તારોમાં એફએસઆઈ વધારવા, શહેરી વિસ્તારમાંથી ઉદ્યોગોને સ્થળ બદલી આપવા, મોટા ઉદ્યોગોને પછાત વિસ્તારમાં નેત્સાહનો આપવા તેમજ નાના બંદરો તેમજ કુટીર ઉદ્યોગો માટેની નવી નિતી બહાર પાડવાનું નક્કી કર્યુ છે.

ઉદ્યોગકારોને રાજય તેમજ જિલ્લાસ્તરે ઉભી થતી મુસ્કેલીઓનું નિરાકરણ કરવાના આશયથી આ -કારના ફેરફારો કરવામાં આવી રહ્યા હોવાનો નિર્દેશ આપી ઉદ્યોગ વિભાગના ટોચના એક અધિકારીએ કહ્યું હતું કે વિવિધ મંજૂરીઓના

● અનુસંધાન પાન-૭ પર





વાયબ્રન્ટ એક્ઝીબિશન સેન્ટરની તૈયારીઓ નિહાળવા વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહિત મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ પહોંચ્યા હતા. એક્ઝીબિશન સંકુલને આખરી ઓપ અપાઈ રહ્યો છે ત્યારે જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપી કામગીરીને બિરદાવી હતી.

# પ્રદર્શન સંકુલમાં વધુ વિજપુરવઠાની જરૂરિયાત

**એક્ઝીબિશન સેન્ટર માટે ૨૫ મે.વો. વધારાનો વીજ પુરવઠો જરૂરી : આ પ્રદર્શન કેન્દ્રના પાર્કિંગ માટે અલાયદી વ્યવસ્થાનો અભાવ ચિંતાજનક છે : આ પ્રદર્શનમાં વીસ લાખ લોકો આવશે : શિયાળો હોવાથી આટલો વીજ પુરવઠો જરૂર પડશે પણ ઉનાળા માટે ડબલ વીજ પુરવઠો જોઈશે**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સે-૧૭માં આવેલ હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર વાયબ્રન્ટ પ્રદર્શન માટે ૨૫ મે.વો. જેટલો વીજ પુરવઠો ગાંધીનગરના વીજ પુરવઠા ઉપરાંતનો મેળવવામાં આવ્યો છે.

હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે હાલ ૧૫ જેટલા ડોમ બનાવવામાં આવ્યા છે. આ ડોમ બધા આમ તો ફુલ્લી એરકન્ડીશન્ડ બનાવવામાં આવ્યા છે પરંતુ હાલ પોષ માસની ઠંડી અને પવનો હોવાથી માત્ર લાઈટસ ઈફેકટને લઈ આટલો જ વીજ પુરવઠો ખાસ માંગવામાં આવ્યો છે. ઉનાળામાં આ મેદાન માટે ૫૦ મે.વો. જેટલા વીજ પુરવઠાની જરુરિયાત રહેશે.

એક લાખ ચો.મી. કરતાં વધુ વિસ્તારમાં આ કાયમી પ્રદર્શન ક્ષેત્ર વિકસાવવામાં આવ્યું છે. દિલ્હીના પ્રગતિ મેદાન પછીનું આ મોટું પ્રદર્શન કેન્દ્ર બનશે.

વાયબ્રન્ટ સમીટના આ પ્રદર્શનમાં ૨૫૦૦થી પણ વધુ ઉત્પાદકોના ઉત્પાદનો પ્રદર્શિત થવાના છે. અહીં ૮મી જાન્યુઆરીથી શરુ થઈ રહેલા પ્રદર્શનનું ઉદઘાટન રાજયના મુખયમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ કરવાના છે.

હાલ તો આ માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ પ્રદર્શન હેલિપેડ વિસ્તારમાં ખાસ લાઈટોના થાંભલાઓ ઉભા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આ પ્રદર્શન ડોમમાં જવા માટે એક એન્ટ્રીગેટ છે અને ચાર જેટલા સર્વિસ ગેટ પણ ઉભા કરવામાં આવ્યા છે.

વાયબ્રન્ટ સમીટ બાદ તુરત જ ૫ મી ફેબ્રુઆરીથી અહીં ઈન્ડિયા પ્લાસ્ટનું વૈશ્વિક પ્રદર્શન યોજવામાં આવનાર છે. આ પ્રદર્શન માટે પણ આ વાયબ્રન્ટ પ્રદર્શન બાદ તૈયારીઓ આરંભાશે.

આ પ્રદર્શન કેન્દ્ર માટે ભાડાના દર પણ આ બે મોટા પ્રદર્શનો યોજાઈ ગયા બાદ સરકાર દ્વારા નિયત કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

વાયબ્રન્ટ પ્રદર્શનની ૨૦ લાખ લોકો મુલાકાત લેનાર હોઈ તંત્ર દ્વારા ખુબ જ ઝીણવટાઈથી તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. જો કે આ પ્રદર્શન વિસ્તાર માટે પાર્કિંગની સમસ્યા આગામી દિવસોમાં યક્ષ પ્રશ્ન બનશે તેમ મનાઈ રહ્યું છે. પાર્કિંગ માટેની જગ્યા અલગથી નિયત કરવામાં આવી નથી તેમજ અહીં જે સરકારી કચેરીઓ આસપાસમાં આવેલી છે તેથી આ બાબતે તંત્ર એ તાકીદે યોગ્ય કરવાની જરુરિયાત છે.

# વાયબ્રન્ટ સમિટમાં ૧૦થી વધુ થીમ પર સેમિનારનું આયોજન

**નીતા અંબાણી, પંકજ પટેલ, વસંત ગાંધી સહિત વિશ્વના ૨૦૦ થી વધુ વક્તાઓ જોડાશે**

ગાંધીનગર, તા. ૨

વાયબ્રન્ટ સમીટ ૨૦૧૫ દરમ્યાન ૧૦ થી પણ વધુ વિષયો પર થીમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં વિશ્વભરના ૨૦૦ થી પણ વધુ વક્તાઓ ભાગ લેનાર છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમીટ દરમ્યાન આ વખતે થીમ આધારિત સેમિનાર યોજવામાં આવનાર છે. આ થીમ આધારિત સેમિનારમાં જે વક્તાઓની યાદી છે તેમાં શ્રીમતિ નીતા મુકેશ અંબાણી, અમદાવાદ આઈ.આઈ.એમ.ના શ્રી વસંત ગાંધી, પંકજ પટેલ, કેન્દ્રીય મંત્રી હરસીમરત કૌર બાદલ સહિતના મહત્વના વક્તાઓનો સમાવેશ થાય છે.

આ સેમિનારમાં ગુજરાત સંરક્ષણના સાધનોના ઉત્પાદન માટેનું પસંદગી કેન્દ્ર, સ્માર્ટસીટી ફોર નેકસ્ટ જનરેશન, ઈનોવેશન એન્ડ ટેકનોલોજી ઈન ફૂડ પ્રોસેસીંગ, હેલ્થ ફોર ઓલ જેવી થીમનો સમાવેશ થાય છે.

